ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઇમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૨ ● અંક : ૦૧ ● મુખ્ય સંપાદક : અરવિંદ રાણા ● તંત્રી : હરીશ રાણા ● તારીખ : ૦૧-૦૪-૨૦૧૫, બુધવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૬.૦૦ ● પાના : ૪

### યોગનિષ્ઠ પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં

## આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડનો ૩૦ મો વાર્ષિકોત્સવ ઉત્સાહભેર સંપન્ન



સમગ્ર વિશ્વમાં દર્શન શાસ્ત્રના અભ્યાસમાં પોતાની આગવી ઓળખ ઉભી કરનાર ગુજરાતના અરવલ્લી જીલ્લાના રોજડ ખાતે ગત તા. ૨૧મી માર્ચના રોજ આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટનો ૩૦મો વાર્ષિકોત્સવ ભારે ઉત્સાહપૂર્વક ઉજવવવામાં આવ્યો હતો. આ ભવ્ય કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી વૈદિક પ્રેમી ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત યજ્ઞથી કરવામાં આવી હતી. યજ્ઞ બાદ વાર્ષિકોત્સવમાં હાજર રહેલા તમામ મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરાયું હતું.

આ કાર્યક્રમમાં પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજક, દર્શનયોગ મહાવિદ્યાલયના નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક, વાનપ્રસ્થ સાધક આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય, ભુજોડી સ્થિત યોગ ધામના આચાર્ય વિરેન્દ્રજી, દર્શન યોગ મહાવિદ્યાલયના આચાર્ય સ્વામી બ્રહ્મવિદાનંદજી, સ્વામી ધ્રુવદેવજી, સ્વામી મુક્તાનંદજી, પૂ. ઈન્દુમાતાજી, આચાર્યા શીતલજી, પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલભાઈ પટેલ, આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણી મંત્રી શ્રી જશવંતભાઈ પોકાર સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

આચાર્યા શીતલજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ઈશ્વરના વિવિધ કાર્યો તથા ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલી આ સૃષ્ટિની રચનાના ઉદ્દેશ બાબતની જાણકારી આપી હતી.

યોગનિષ્ઠ પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકે પોતાના આશિર્વચન આપતા જણાવ્યું હતું કે, દર્શન યોગ મહાવિદ્યાલય દ્વારા યુવા દાર્શનિક વિદ્વાનો તૈયાર કરવાનું જે કાર્ય થઈ રહ્યું છે તે ખૂબ જ ઉત્તમ કાર્ય છે અને આ ઉત્તમ કાર્ય માટે તેમણે અભિનંદન આપ્યા હતા. તેમણે દર્શન યોગ મહાવિદ્યાલયની સુંદરપુર કુટીયા, હરિયાણા ખાતે શરૂ થવા જઈ રહેલ વિદ્યાલયને પોતાના આશિર્વાદ આપ્યા હતા.

વાનપ્રસ્થ સાધક આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં દર્શન યોગ મહાવિદ્યાલય દ્વારા ૬૦ થી વધુ દાર્શનિક વિદ્વાનોના નિર્માણનું કાર્ય થયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દર્શન યોગ મહાવિદ્યાલય અને વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા અત્યાર સુધીમાં ૧૮ લાખથી વધુ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. તેમણે ઉપસ્થિત જનસમુદાયને અપીલ કરી હતી કે, આપણે સૌએ સાથે મળીને વૈદિક પરંપરા-વિચારનો પ્રચાર પ્રસાર કરવો જોઈએ.

આચાર્યજીએ ઉપસ્થિત સર્વેને સંગઠિત રહેવા તથા સશક્ત બનવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે, આજે આપણે સુરક્ષિત નથી. તેમણે જે વ્યક્તિઓ પોતાના સંતાનોને વિદ્વાન ન બનાવી શકે તેમ હોય તો તેમણે જે લોકો આ કાર્ય કરી રહ્યા છે તેમને તન-મન-ધનથી સહયોગ આપવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંતાનોના નિર્માણની જવાબદારી માતા-પિતાની છે. જો માતા-પિતાના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ નહિં હોય તો બાળકોમાં ક્યાંથી આવશે ? તેમ કહી તેમણે ઉપસ્થિત જન સમૂદાયને પોતાના ઘરે નિયમિત રીતે વિદ્વાનોને આમંત્રિત કરી આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ. જેમ શરીર માટે ખોરાક જરૂરી છે તેવી જ રીતે આત્માનો ખોરાક એ આધ્યાત્મિક જ્ઞાન છે




તે દરરોજ મળવો જોઈએ. તેમણે વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે ઉપસ્થિત લોકોને ઉદાર હાથે દાન આપવાની પણ અપીલ કરી હતી.

દર્શનયોગ મહાવિદ્યાલય ના નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકે જીવન નિર્માણ, ઈશ્વર ભક્તિ, દેશ રક્ષાની સાથે સાથે પોતાના વ્યક્તિગત નિર્માણ કરવું જરૂરી હોવાનું જણાવતા કહ્યું હતું કે, જો કોઈ પણ વ્યક્તિનું નિર્માણ ૮૦ ટકા આંખોથી અને ૨૦ ટકા કાનથી થાય છે.

તેમણે વર્તમાનમાં વૈદિક ધર્મથી દૂર થઈ રહેલા યુવાધનને ફરીથી વૈદિક ધર્મ તરફ પાછા વાળવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દંડ વગર કોઈ સુધરતું નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, બાળકોને સંસ્કારી બનાવવા માતા-પિતાએ પોતાની જવાબદારી પૂર્ણ કરવી જોઈએ.

આ વાર્ષિકોત્સવ દરમ્યાન દર્શનયોગ મહાવિદ્યાલયના અનેક સ્નાતકોને દર્શનાચાર્ય તથા માનદ્‌ દર્શનાચાર્યની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દર્શનયોગ મહાવિદ્યાલયના દર્શનાચાર્ય (માનદ્‌) બ્ર. દિનેશકુમાર આર્યએ કર્યું હતું.

પોતાના આભાર દર્શનમાં આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણીએ સંસ્થાની ૨૯ વર્ષની કામગીરીની જાણકારી આપી સૌ હાજર રહેલા મહાનુભાવોનો આભાર માન્યો હતો. સ્વરૂચી ભોજન સાથે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### આર્યસમાજ, સોની ફળીયા સુરત દ્વારા

## શહીદ શ્રદ્ધાંજલી તથા સૈનિક સન્માન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

**સુરત**

આર્યસમાજ, સોની ફળીયા, સુરત દ્વારા ૨૩મી માર્ચના રોજ શહીદ દિવસ એક અનોખી રીતે ઉજવવામાં આવ્યો



હતો. સામાન્ય રીતે આ દિવસે આપણે સૌ શહીદોને યાદ કરીને બે મિનીટનું મૌન પાળીને તેમના પ્રત્યેનું ઋણ અદા કર્યાનો સંતોષ માનીએ છીએ. પરંતુ આર્યસમાજ, સુરત દ્વારા આ વર્ષે શહીદ દિવસના આ કાર્યક્રમમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના પૂર્વ સૈનિકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ધર્મજાગરણ, ગુજરાત પ્રાંતના પ્રચાર શ્રી મહિપાલજી ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરુઆત હવનથી કરવામાં આવી હતી. આ હવનનુ બ્રહ્મસ્થાન સુરત આર્યસમાજના પં. શ્રી રમેશભાઈ આર્યએ સંભાળ્યું



હતું. આ હવનમાં પૂર્વ સૈનિકો ઉપરાંત આર્યસમાજ, સુરતના મંત્રીશ્રી રોહીતભાઈ શર્મા (મંત્રીશ્રી ભાજપ સૂરત), કોષાધ્યક્ષ શ્રી મનમોહનજી શર્માએ ભાગ લીધો હતો.

હવન બાદ રાષ્ટ્રગાન અને ત્યાર બાદ બાળકો દ્વારા રાજગુરુ, ભગતસિંહ અને સુખદેવને આપવામાં આવેલી ફાંસીની સજાને નાટ્યરૂપમાં ખૂબજ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ધર્મ જાગરણ ગુજરાત પ્રાન્તના પ્રચારક શ્રી મહિપાલજી ઠાકુરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શહીદ શબ્દના પ્રયોગ સામે અસહમતિ બતાવતા જણાવ્યું હતું કે આપણે હુતાત્મા શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. હાલમાં ચાલી રહેલા ધર્માંતરના મુદ્દા ઉપર તેમણે જણાવ્યું હતું કે, ધર્માંતર રોકવું અને ધર્માંતર થયેલા લોકોને ફરીથી હિંદુ બનાવવાનું કાર્ય આર્ય સમાજના માધ્યમથી થઈ રહ્યું છે તે પ્રશંસાને પાત્ર છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આજે પણ આદિવાસી વિસ્તારોમાં વટાળની પ્રવૃત્તિઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ પ્રકારની ધર્માંતરની પ્રવૃત્તિઓથી દેશને મોટું નુકશાન થઈ રહ્યું છે. સમાજની કુરીતિઓ-રીવાજોને નાબૂદ કરવા માટે તેમણે પૂર્વ સૈનિકોને સક્રિય થવા અનુરોધ કર્યો હતો. અંતમાં તેમણે જણાવ્યું હતું કે, આજે જ્યારે આપણે જ ઉપેક્ષીતોને તરછોડીએ છીએ ત્યારે અન્ય સંપ્રદાયના લોકો તેનો ઉપયોગ કરીને દેશને તોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આને રોકવાના ભગીરથ કાર્યમાં તેમણે પૂર્વ સૈનિકોને સાથ-સહકાર આપવા અપીલ કરી હતી.

પોતાના સ્વાગત પ્રવચનમાં આર્યસમાજ, સુરતના કોષાધ્યક્ષ તથા પૂર્વ સૈનિક શ્રી મનમોહનજી શર્માએ કહ્યુ હતું કે, રાષ્ટ્રના પ્રહરીઓનું સન્માન કરવું એ ગૌરવનો વિષય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીજીના ચરખાથી દેશને આઝાદી મળી નથી આઝાદી માટે અનેક લોકોએ બલિદાનો આપ્યા છે. અને આ બલિદાનોને કારણે જ આપણો દેશ આઝાદ થયો છે. આપણે સૌએ આ દેશ માટે શહીદ થયેલા લોકોને હંમેશા યાદ રાખવા જોઈએ અને તેમના જીવનમાંથી પ્રેરણા લઈ દેશ સેવા કરવા હંમેશા તત્પર રહેવું જોઈએ.

આર્ય સમાજ, સોની ફળીયા દ્વારા આયોજીત આ વિશેષ કાર્યક્રમમાં લગભગ ૫૦ થી વધુ પૂર્વ સૈનિકો હાજર રહ્યા હતા. આમાં મુખ્યત્વે શ્રી એસ. એલ ડાંગી, શ્રી સુધીર પટેલ, શ્રી પી. બી. બજાનીયા, શ્રી એ. સી. કક્કડ, શ્રી મનમોહનજી શર્મા, શ્રી જયંતીભાઈ ગાંધી, શ્રી એમ.ડી. સ્માર્ટ, શ્રી વિનોદ દારૂવાલા, શ્રી સુરેશભાઈ માસ્ટર હતા. આ કાર્યક્રમમાં સન્માનિત અનેક પૂર્વ સૈનિકોએ પોતાના





અનુભવો ઉપસ્થિત જનસમૂદાય સમક્ષ વર્ણવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા આર્યસમાજ, સોની ફળિયાના તમામ પદાધિકારીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આર્યસમાજના મંત્રી શ્રી રોહીતભાઈ શર્માએ કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આર્યસમાજના ઉપપ્રધાન શ્રી ઋતુપ્રિય આર્યએ સૌનો આભાર માન્યો હતો.

मंगलाचारयुक्तानां नित्यं च प्रयतात्मनाम् ।
जपतां जुह्वतां चैव विनिपातो न विद्यते ॥

मनुस्मृति १४६ (३७)

જે સદા કલ્યાણકારી કાર્યોમાં લાગી રહે છે અથવા જે સદાચારનું પાલન કરે છે એ જે હંમેશા આત્માની ઉન્નતિને માટે પ્રયત્નશીલ રહે છે તથા જે પરમાત્માનો જપ કરે છે, જે હવન કરે છે, તેની અવનતિ નથી થતી અર્થાત્ તેનું જીવન પતન તરફ જતું નથી.

**તંત્રી સ્થાનેથી....**

# વેકેશન.............

અત્યારે સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. હવે શાળાકીય પરીક્ષાઓ શરૂ થઈ જશે. પરીક્ષાઓ પુરી થાય કે તરત જ માતા-પિતાને બાળકોનો સમય કેવી રીતે પસાર કરવો તેની ચિંતા સતાવવા લાગે છે. બાળકો પણ વેકેશન પડે એટલે થોડક દિવસ ફર્યા પછી સમય ક્યાં પસાર કરવો તેમાં ગૂંચવાયા કરે છે.

છેલ્લા થોડાક વર્ષોથી જૂદી-જૂદી શૈક્ષણિક તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા વેકેશન દરમ્યાન ભણવા સિવાયની રોચક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. હવે ધાર્મિક સંસ્થાઓ પણ આમાંથી બાકાત રહી નથી. મંદિરોમાં પણ બાળકો માટે સંસ્કાર સિંચન કરતી શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

જાગૃત વાલીઓએ ભલે થોડોક ખર્ચો થાય પરંતુ ખર્ચની ચિંતા કર્યા વગર આ પ્રકારના કાર્યક્રમોમાં બાળકોને મોકલવા જોઈએ. વેકેશન એટલે માત્ર મનોરંજન જ નહીં પરંતુ મનોરંજનની સાથે જ્ઞાનવર્ધન અને સંસ્કાર સિંચન થાય તે ખૂબ જરૂરી છે. શાળા કોલેજોમાં માત્ર પુસ્તકમાં આપેલ માહિતી જ વિદ્યાર્થીઓના મગજમાં ઠાંસી દેવામાં આવે છે. આજના વિદ્યાર્થી પાસે માહિતી તો ઘણી જોવા મળે છે પરંતુ જ્ઞાનનો જોઈએ તેટલો વિકાસ થતો નથી. પરિણામે બાળકની સમજ શક્તિ તથા નિર્ણય શક્તિ જોઈએ તેટલી માત્રામાં વિકસિત થઈ શકતી નથી.

આ અભાવ દૂર કરવા માટે કાં તો શાળા કોલેજોમાં રમત-ગમત સહિતની ઈતર પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જોઈએ અથવા વેકેશન દરમ્યાન બાળકોને ઈતર પ્રવૃત્તિ કરાવી તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. શાળા-કોલેજોમાંથી નૈતિક શિક્ષણની તો બાદબાકી જ થઈ ગઈ છે. જેને કારણે બાળકો શિક્ષકો જ નહિં પરંતુ માતા-પિતા અને વડીલો સાથે પણ ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરતા ખચકાતા નથી. બાળકોને સારા ભણતરની સાથે સંસ્કાર સિંચન કરવામાં નહિં આવે તો બાળકો ભવિષ્યમાં બે પગ વાળા પશુ જ બની જશે.

ગુજરાતમાં વિવિધ આર્યસમાજો દ્વારા તથા આર્યવીર દળ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રકારની શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા દર્શનયોગ મહાવિદ્યાલય તથા વાનપ્રસ્થ સાધક આશ્રમના સહયોગથી વેકેશન દરમ્યાન સાત દિવસીય આવાસીય કિશોર ચરિત્ર નિર્માણ શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરમાં દરેક આર્યોએ પોતાના તથા પોતાના પરિચિતોના સંતાનોને અવશ્ય મોકલવા જોઈએ

**ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ-૧૯૫૬ અન્વયે 'દયાનંદ ટાઈમ્સ' પાક્ષિક અંગે માહિતી**

**(જુઓ રૂલ નં. ૮)**

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : પ્લોટ નં. ૭૯૧/ડી/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : પાક્ષિક |
| ૩. | મુદ્રકનું નામ | : શ્રી હરીશ કે. રાણા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : પ્લોટ નં. ૭૯૧/ડી/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ |
| ૪. | પ્રકાશકનું નામ | : શ્રી હરીશ કે. રાણા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : પ્લોટ નં. ૭૯૧/ડી/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ |
| ૫. | તંત્રીનું નામ | : શ્રી હરીશ કે. રાણા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : પ્લોટ નં. ૭૯૧/ડી/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ |
| ૬. | માલિકનું નામ | : શ્રી હરીશ કે. રાણા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : પ્લોટ નં. ૭૯૧/ડી/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ |

હું હરીશ કે રાણા, આથી જાહેર કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ : ગાંધીનગર — હરીશ કે. રાણા
તા. ૨૯-૦૩-૨૦૧૫ — તંત્રી

# ત્રિકાલ પૂર્ણતયા વર્તમાન ઈશ્વર આપણી અંદર કણ-કણમાં વિદ્યમાન છે

**ओ३म् धूरसि धूर्व धूर्वन्तं धूर्व तं**
**योऽस्मान् धूर्वति तं धूर्व यं वयं धूर्वामः ।**
**देवानामसि वह्नितमꣳ सस्नितमं पप्रितमं**
**जुष्टतमं देवहूतमम् ॥१-८॥**

પ્રસ્તુત મંત્રનો વિનિયોગ શતપથકારે દશપૂર્ણસાસેષ્ટિના પ્રકરણમાં કર્યો છે. (શત.૧.૧.૨.૭.૧૨)

યજ્ઞ માટે હવિ બળદગાડીમાં લાવવામાં આવે છે. યજ્ઞ જ ગાડી છે. પુરાણા સમયમાં હવિ ગાડીમાં લાવવામાં આવતી ન હતી. તે સમયના ઋષિઓ તેને કૌષ્ઠ (કોઠાર=બળદનું ચામડું) માંથી કાઢતા હતા. સમય જતા આચરણમાં કાલાનુકૂળ પરિવર્તન કરવામાં આવ્યું. કૌષ્ઠનું સ્થાન બળદગાડીએ લઈ લીધું. હવન માટે ત્રણ મુઠ્ઠીભર ધાન્ય પૂરતું છે. તોપછી કૌષ્ઠમાં અથવા ગાડીમાં શા માટે લાવવામાં આવે છે? અહીં ગાડીનું તાત્પર્ય જીવનમાં આપણે જે કંઈ પ્રાપ્ત કર્યું છે તેની તુચ્છતા દેખાડવા પૂરતું છે. આથી જ શતપથકારે ગાડીને ભૂમા કહી છે. 'भूमा वा अनः'(शत.१-१-२-६) ભૂમા જ ગાડી છે.ભૂમા પરમેશ્વરનું પણ નામ છે, શા માટે? કારણ કે પરમેશ્વર સૌથી આગળ છે=સૌથી અધિક છે. છાંદોગ્યકાર કહે છે 'यो वै भूमा तत् सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं.....भूमानं भगव विजिज्ञास इति'(छा.७-२१-१) અહીં ભૂમા શબ્દ પરમેશ્વરવાચક છે. પરમેશ્વર સુખસ્વરુપ છે. તેમાં સુખની અધિકતા છે આથી તે ભૂમા છે. અલ્પ શબ્દનો અર્થ અલ્પશક્તિવાળો જીવાત્મા છે.

યજ્ઞમાં ગાડી ભૂમા એટલા માટે છે કે ગાડીમાં ધાન્ય વધુ રાખી શકાય છે. પરંતુ વધુ રાખવા માટે સ્થાન હોવા છતાં પણ ગાડીમાં થોડું જ રાખવામાં આવે છે. સમૃદ્ધિથી સુખ મળે છે. સમૃદ્ધિ દ્વારા આપણને સુખ તરફ લઈ જનાર ઈશ્વર છે. ઈશ્વર સાથે સંબંધ જોડવાથી જ આપણા જીવનમાં ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે. યજ્ઞના પ્રસંગમાં ગાડીને લઈ જનાર ધુર=જુઆ=છે. ગાડીવાળો સર્વપ્રથમ ધુરને બળદોના ગળા સાથે સારી રીતે બાંધી દે છે. પછી ગાડીને જુઆ સાથે બાંધવામાં આવે છે. ધૂર બળદોને નીચે દબાવે છે, સાથોસાથ ગાડીને આગળ લઈ જાય છે.આ દ્રવ્યયજ્ઞ સંબંધી વાત થઈ. આધ્યાત્મિક યજ્ઞ સાથે આનો શો સંબંધ? આધ્યાત્મિક યજ્ઞમાં આ ધૂર=ભાર વહન કરનાર પરમેશ્વર છે. આથી વેદ કહે છે- 'धूरसि' તું ધૂર છે. ધૂર બની પરમેશ્વર બળદોને બંધનમાં નાખી દબાવે છે, સાથોસાથ ગાડીને આગળ ખેંચે છે. બળદ અહીં પશુતાનો=અજ્ઞાનનો=દુર્ગુણોનું પ્રતીક છે. આપણા આંતરિક દુર્ગુણો દબાવ્યા વિના જીવનરુપી ગાડી આગળ ગતિશીલ બની શકતી નથી. આથી દુર્ગુણોને દબાવવા જોઈએ. પશુતાને સમાપ્ત કરવી જોઈએ. (પશુતાને મારવાનો અર્થ પશુઓને મારવાનો નથી. પશુતાનો નાશ જ્ઞાનપ્રાપ્તિ દ્વારા થશે. ચૌપગી પશુઓ મારવાથી પરમેશ્વર પ્રાપ્તિ નહીં થાય, ઘોર અંધકારરુપી=મહાદુ:ખરુપી યોનિ મળશે. આથી આપણા દુર્ગુણોને ઈશ્વરોપાસના મારફત દૂર કરવાને જ પશુતાનો નાશ સમજવું જોઈએ) આ રીતે પશુતાનો નાશ આપણી જીવનરુપી ગાડીને ધુરરુપી પરમેશ્વર સાથે સારી રીતે બાંધવાથી થશે. અન્યથા પશુતા( બળદ) ઈશ્વરને (ધુરને) આપણાથી (ગાડીથી) દૂર કરી દેશે. આપણે દુર્ગુણોને દબાવી રાખીશું તો ઈશ્વર જોડે સંબંધ ખૂબ સારો રહેશે.

દર્શપૂર્ણમાસેષ્ટિ પ્રકરણમાં બળદગાડીમાં હવિને લઈ જવાનો અર્થ વાસ્તવમાં આ જ છે. આપણા જીવનમાં જે કંઈ સારી વસ્તુ પ્રાપ્ત થાય છે તે પરમેશ્વરની જ દેણ છે. પ્રારંભમાં આપણને અલ્પમાત્રામાં ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે કારણ કે પરમેશ્વર સાથે આપણે ગાઢ સંબંધ બાંધ્યો નથી, આપણી ઉપાસના દૃઢ નથી. આપણે તે થોડા ઐશ્વર્યની સાથે આપણી ગાડીને પરમેશ્વર સાથે જોડી રાખીએ અને નિરંતર દુર્ગુણોને દબાવતા રહીએ. આથી ત્રણ મુઠ્ઠી=અત્યલ્પ ધાન્ય હોવા છતાં પણ તેને ગાડીમાં રાખી

## ..વેદવાણી

**- વેણુગોપાલ 'દર્શનાચાર્ય'**

લાવવાનું વિધાન છે. આ જીવનરુપી ગાડી પૂર્ણ ત્યારે થશે જયારે આપણે તેને પૂર્ણતાથી ભરી દઈશું. પૂર્ણતા થતા આપણો યજ્ઞ સમાપ્ત થાય છે. પરમેશ્વર પ્રાપ્તિથી જ આપણી ગાડી ભરાઈ શકે છે. આથી યજ્ઞનું અનુષ્ઠાન નિરંતર કરવું આવશ્યક છે. હવે આપણે આ બળદગાડીના માધ્યમથી મંત્રનો પૂરો હાર્દ સમજવાનો પ્રયત્ન કરીએ.

धूः असि=હે પરમેશ્વર આપ ધૂર છો. બળદગાડીનો ધૂર=જુઆ=ખૂંધ જેમ બળદોને દબાવે છે તેમ આપ અમારા જીવનની ધૂરા બની धूर्वन्तं धूर्व=અમારી ઉન્નતિમાં બાધક અમારી બુરાઈઓને દબાવો. यः अस्मान् धूर्वति तं धूर्व =અમને ખૂબ કષ્ટ આપનારા, આપની સાથેનો અમારો સંબંધ ઢીલો કરનારા અમારી અંદરના રાક્ષસને દબાવો. यं वयं धूर्वामः तं धूर्व=જેને નષ્ટ કરવા માટે,અમે અહર્નિશ ધર્માચરણ કરીએ છીએ તેને આપ નષ્ટ કરો. હે પ્રભો! (त्वं=आप) देवानाम् =દેવોમાં वह्नितमं असि=સૌથી શ્રેષ્ઠ રીતે લઈ જનાર છો. सस्नितमम् असि=અમારી સાથે સારી રીતે જોડાઈ રહેનારા છો, जुष्टतमम् असि=અમને સૌથી સારો પ્રેમ કરનારા છો. देवहूतमम् असि= સારી રીતે નિમંત્રણ પાઠવનાર છો.

બળદગાડીના જુઆની જેમ ઈશ્વર પશુતાને મારી જીવાત્માના જીવનરુપી રથને આગળ વધારે છે. પશુતા બળદોની જેમ માથું હલાવશે. પરંતુ જીવનરથને તે કંઈ જ નહીં કરી શકે. કારણ કે જુઆને તેના ગળામાં બાંધેલ છે. ગાડીને ખૂબ સારી રીતે બાંધેલ છે. અમારા જીવનરથને આ પ્રકારે પરમેશ્વર આગળ લઈ જાય છે. તાત્પર્ય એ જ કે આપણા જીવનરથને પરમેશ્વરની સાથે સંબંધ દૃઢ કરી દેવાથી આપણી બધી બુરાઈઓ=દુર્ગુણોને દબાવતા રહીએ. પરમેશ્વરની સાથેનો જે સંબંધ બાંધેલ છે તે કદી ઢીલો ન

**પશુતાને મારવાનો અર્થ પશુઓને મારવાનો નથી. પશુતાનો નાશ જ્ઞાનપ્રાપ્તિ દ્વારા થશે. ચૌપગી પશુઓ મારવાથી પરમેશ્વર પ્રાપ્તિ નહીં થાય, ઘોર અંધકારરુપી=મહાદુ:ખરુપી યોનિ મળશે.**

કરીએ.

આવો સંબંધ શા માટે પરમેશ્વર સાથે બનાવી રાખીએ,એવો કયો ગુણ છે પરમેશ્વરમાં ? તો મંત્ર કહે છે તે દેવોમાં સારી રીતે લઈ જનારા છે. માતા, પિતા,ગુરુ, આચાર્ય આ બધા આપણા જીવનને આગળ લઈ જઈ શકે છે અને આનાથી પણ અધિક પરમેશ્વર લઈ જઈ શકે તેમ છે. માતા-પિતા આદિ નાના-મોટા દુ:ખોને શાંત કરનારા છે, પરંતુ પરમેશ્વર તો સર્વદુ:ખોને દૂર કરનારા છે. આથી કહેવાયું છે - 'वह्नितमम् असि'

સંસારભરના ચેતન-અચેતન પદાર્થો આપણી પાસે થોડો સમય જ રહેનારા છે, માતા-પિતા પણ આનાથી ભિન્ન નથી, પરંતુ ઈશ્વર સદાય આપણી સાથે જોડાયેલ છે. તે નિરંતર આપણા ઉપર ઉપકાર કરતો જ રહે છે , ભલે આપણે તેને ભૂલીએ છીએ તે કદી આપણને છોડતો નથી. આથી કહેવાયું છે -'सस्नितमम् असि'

ઈશ્વર આપણી અંદર ત્રિકાલ પૂર્ણતયા વર્તમાન છે. સર્વવ્યાપક હોવાના કારણે તે કણ-કણમાં વિદ્યમાન છે. ઈશ્વર સર્વત્ર એકસમાન છે. તે અખંડ, એકરસ છે. તેમાં કોઈ પ્રકારની કમી=ઓછપ=ઉણપ નથી. ઈશ્વર સર્વત્ર, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે. તે આપણી અંદર પણ સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન થઈ વિદ્યમાન છે. તે પૂર્ણનો સંગ કરવાથી આપણી ન્યૂનતાઓની ઈતિશ્રી થઈ જાય છે. આથી કહેવાયું છે - 'प्रप्रितमम् असि'

પરમેશ્વરનો આપણી સાથેનો પ્રેમ અનુપમ છે. સંસારભરના મનુષ્યો ઉપકાર-પ્રત્યુપકારની દૃષ્ટિએ પ્રેમ કરે છે. પરમેશ્વરને આપણી પાસેથી કશું જ જોઈતું નથી. તેની પાસે જે કંઈ છે તે આપણા માટે છે. આથી કહેવાયું છે - 'जुष्टतमम् असि'

ઈશ્વર સદાય આપણો પ્રેરક છે. સારા કાર્યો કરતી વખતે આપણા હૃદયની અંદર ઉત્સાહ, આનંદ પેદા કરીને આગળ વધવાની પ્રેરણા આપે છે. ખરાબ કાર્યો કરતી વખતે તે આપણા હૃદયની અંદર ભય, શંકા અને લજ્જા પેદા કરી તેને છોડવા માટે પ્રેરણા આપે છે. આમ નિરંતર પ્રેરણા દ્વારા આપણને અમૃતત્વની પ્રાપ્તિ માટે નિમંત્રણ (नितरा मंत्रणम् उपदेशं वा) આપતો રહે છે. આ મંત્રણા=નિમંત્રણને વિદ્વાન લોકો જાણી લે છે. આથી કહેવાયું છે -'देवहूतमम् असि'

આથી આપણું જીવન સદૈવ તેને જાણવા, પ્રાપ્ત કરવા માટે સમર્પિત કરવું જોઈએ અને આ માટે તેની સાથે અનુક્ષણ દૃઢ સંબંધ બનાવવો આવશ્યક છે.

## वैदिक वीरांगना दल जयपुर

वैदिक वीरांगना दल, जयपुर की राष्ट्रीय अध्यक्षा कुमारी अनामिका शर्माने प्रेस विज्ञप्ति जारी कर वैदिक वीरांगना दल को अपने कार्यक्रमों का विस्तार करने के लिए निम्न पदों पर कर्मठ कार्यकर्ताओं की आवश्यकता की सूचना दी है।

| पद | मानदेय |
|---|---|
| ०१ अध्यापक (अष्टाध्याय पद्धति से संस्कृत अध्यापन) | १५०००/- |
| ०२ सेवक (चौकीदार) | ८०००/- |
| ०३ वाहन चालक (ड्राइवर) | ८०००/- |
| ०४ रसोइया | ८०००/- |
| ०५ भजनिक, प्रचारक व पुरोहित | १५०००/- |

सभी पदो पर महिला सदस्य व वैदिक विचारधारा रखनेवाले व्यक्ति को प्राथमिकता दी जाएगी।

संपर्क सुत्र :- कुमारी अनामिका शर्मा,
कार्यालय :- बी-१२३, मालवीय नगर जयपुर
फोन :- ०१४१-२५२५८७०
मोबाइल :- ०९८२९६९५२३१




**દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ**

# उपासक को चाहिये कि वह उस प्रकाशस्वरुप प्रभु के ज्ञानप्रकाश में विद्यमान रहता हुआ अर्थ का उपार्जन करे

**अ ग्निनां र यिमंश्नव त् ।**

**ऋ० १.१.३**

अन्वयार्थ :- स्तोता (**अ ग्निना**) अग्निस्वरूप प्रभु से (**र यिम्**) ऐश्वर्य को (**अ श्नवत्**) प्राप्त करे।

(१) स्तोता को चाहिये, भक्त को चाहिये, उपासक को चाहिये कि वह प्रकाशस्वरूप परमेश्वर के ज्ञानप्रकाश में विद्यमान रहता हुआ ही ऐश्वर्य को प्राप्त करे। क्योंकि उस पावन परमेश्वर के नेतृत्व में यदि वह वर्तमान रहता हुआ रयि-ऐश्वर्य-धन-वैभव अर्जित करता है तो वही ऐश्वर्य ही वास्तव में सच्चा ऐश्वर्य हो सकता है। वही ऐश्वर्य ही वास्तव में उसको दिन-प्रतिदिन पुष्ट-परिपुष्ट कर सकता है, वही धन-वैभव ही वास्त में उसको ेभ्युदय और नि:श्रेयस का पात्र बना सकता है, वही सम्पत्ति ही वास्तव में उसको शरीर से सब प्रकार से सुखी, मन से शान्त और आत्मा से तृप्त कर सकती है।

## वैदिक रश्मि

**३ आचार्य रामप्रसाद वेदालंकार**

उपर्युक्त मंत्रां ये यह स्पष्ट होता है कि प्रभु के सच्चे भक्त को सच्चे उपासक को, सच्चे आराधक को, सच्चे साधक को अर्थ-शुचि की ओर विशेष ध्यान देना चाहिये। मनु महाराज भी मनृ स्मृति में लिखते है -

**सर्वेषामेव शौचनामर्थ शौचं परंमस्मृतम् ।**
**योडर्थे शुचिर्हि स शुचिर्न मृद्धारि शुचिः शुचिः ॥**

-मनु ० ५ -१०६

सब प्रकार की शुद्धियों में, सब प्रकार की पवित्रताओं में अर्थ-शुचि-धन की शुद्धि (न्यायोपार्जित धन का होना) ही परम शुद्धि कही गइ है। इसलिये जो अर्थ में शुद्ध है, जो धन के विषय में शुद्ध है अर्थांत जिसने छल, कपट, झुठ वा अन्याय से धन नहीं प्राप्त किया, वही शुद्ध है, वही पवित्र है। जो केवल मिट्टी जल, साबुन आदि से शुद्ध है, वह शुद्ध नहीं है। इस प्रकार से मनु जी के अनुसार भी सब प्रकार की शुद्धियों में, सब प्रकार की पवित्रताओं में अर्थ-शुद्धि-धन की शुद्धि सर्वोपरि है।

वेद तो इससे औ भी आगे बढकर कहता है - वह यह कि 'उपासक को चाहिये कि वह उस प्रकाशस्वरुप प्रभु के ज्ञान-प्रकाश में विद्यमान रहता हुआ अर्थ का उपार्जन करे। इस प्रकार उस प्रभु की सत्प्रेरणा एवं उसकी वेदाज्ञा के अनुसार जब वह अर्थ का उपार्जन करेगा, जब वह धन-वैभव को प्राप्त करेगा तो तब निश्चय ही वह अर्थ-धन-वैभव उसके यश को मान-सम्मान को भी बढाता रहेगा, उसके शरीर को सुखी और पुष्ट भी करता रहेगा, उसके मन को भी निरन्तर शान्त-सन्तुष्ट रखता रहेगा, और उसकी आत्मा को भी सदा तृप्त करता रहेगा। तात्पर्य यह है कि ऐसा पावन धन-वैभव उस मान को जहां लोक में उपर उठायेला आगे बढायेगा अर्थांत् सुख-सौभाग्य का, यश एवं प्यार का भागी बनायेगा वहां वह उसे नि:श्रेयस-आत्मानन्द का भी भाजन बनायेगा। अत: उपासक को चाहिये, साधक को चाहिये कि वह अर्थ-शुद्धि पर विशेष बल दे। वह सदा यह विचार करे कि जो अर्थ हमारे पास आ रहा है, क्या वह वेदों के अनुरुप है या नहीं ? उसके प्राप्त करने के लिये हमारी आत्मा हमें आज्ञा देती है या नहीं ? ईत्यादि।'

यदि मनुष्य सच्चे हृदय से ऐसा करता रहेगा और इसके अनुसार जो वेदाज्ञा एवं भीतर की सत्प्रेरणा के आधार पर ग्राह्य होगा उसे ही वह स्वीकार करता रहेगा तथा जिसके लिये वेद आज्ञा नहीं देता और न ही अपनी आत्मा स्वीकृति देती है, ऐसे बडे से बडा वैभव को भी जब मनुष्य लात मारता रहेगा तो फिर नि:सन्देह उस मानव की स्तुति में, प्रार्थना में, उपासना में, आराधना में, साधना में विशेष प्रगति होगी और फिर शनै:-शनै: उससे उस मान की सद्गति भी होगी। अथवा -

(२) (**अग्निना रविम् अश्नवत्**) - उपासक उस ज्ञानस्वरुप-प्रकाशस्वरुप प्रभु की स्तुति-प्रार्थना-उपासना द्वारा उस प्यारे प्रभु से वह अनुपम एश्वर्य प्राप्त करें, वह दिव्य धन पा जाये जो कि उसे दिन-प्रति-दिन निरन्तर निर्वेर, निर्लोभ, निर्मोह, निरहंकार, निश्छल, निष्कपट, स्वच्छ, सरल और सौम्य बनाता जाये ताकि उसको जहां इस लोक में सर्वत्र स्नेह-सम्मान मिले, सर्वत्र यश और कीर्ति मिले वहां वह निरन्तर मनोबल आत्मबल से युक्त होकर प्रभुवर से वह सब कुछ भी पा सके जिस के पाने पर फिर कुछ पाने को शेष नहीं रह जाता, वह सब कुछ भी जान सके जिस के जानने के उपरान्त फिर कुछ जानने को शेष नहीं रहता। (**क्रमशः**)

# જમ્મુના કઠુઆ ખાતે આવેલી ડીએવી સિનિયર સેકન્ડરી સ્કૂલ ખાતે સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનું વ્યાખ્યાન યોજાયું




દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના નિદેશક પૂ. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા સમગ્ર ભારતભરમાં વૈદિક ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય છેલ્લા અનેક વર્ષોથી સતત કરાઈ રહ્યું છે.

તાજેતરમાં જ પોતાની પ્રચાર યાત્રા દરમ્યાન સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક જમ્મુ-કાશ્મીરના કઠુઆ ખાતે આવેલી ડીએવી સિનિયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓને વૈદિક દાર્શનિક પ્રવચન સંભળાવ્યું હતું. આ પ્રવચન બાદ સ્વામીજીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓની અનેક શંકાઓનું સફળતાપૂર્વક સમાધાન કર્યું હતું.

**આર્યસમાજ, સોની ફળીયા સુરત ખાતે**

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની ત્રણ દિવસીય ચિંતન શિબિરનું આયોજન

આર્યસમાજ, સોની ફળીયા સુરત ખાતે આગામી તા. ૩જી એપ્રિલ થી ૫મી એપ્રિલ ૨૦૧૫ દરમ્યાન ગુજરાત પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભાની ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્યસમાજ, સુરતના મંત્રી શ્રી રોહિતભાઈ શર્માએ એક અખબારી યાદીમાં આ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વર્ષે યોજાનારી ચિંતન શિબિર ત્રણ દિવસની રહેશે. અને આ શિબિરમાં ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા સાથે જોડાયેલી તમામ આર્યસમાજના પદાધિકારીઓ આ ચિંતન બેઠકમાં ભાગ લેશે.

આર્યસમાજ દ્વારા આ ચિંતન શિબિરના આયોજનની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. અને આ શિબિર દરમ્યાન આવનાર તમામ માટે ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## વેદઅર્પણ



વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા પ્રકાશિત અથર્વવેદ ભાગ ૧ના ગુજરાતી ભાષ્યને ગુજરાત માહિતી આયોગના કમિશ્નરશ્રી વી. એસ. ગઢવીને શ્રી અરવિંદ રાણા દ્વારા અર્પણ કરાયો હતો.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા નાવલી ખાતે સ્વાઈન ફલુ ઉકાળાના કેમ્પનું આયોજન કરાયું




**આણંદ**

વર્તમાનમાં સમગ્ર જીલ્લામાં સ્વાઈન ફ્લુની અસર જોવા મળી રહી છે. સ્વાઈન ફ્લુથી બચવા માટે આયુર્વેદિક ઉકાળો અકસીર ઈલાજ છે. ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ છેલ્લા ૮૦ વર્ષોથી માનવ ઉપયોગી કાર્યો સતત કરી રહી છે. આયુર્વેદના માધ્યમથી લોકોને શારીરિક સુખાકારી સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ તરફથી સ્વાઈન ફ્લુ ઉકાળા કેમ્પનું ગામે ગામ આયોજન કરવાનું નક્કી કર્યું છે. તે મુજબ નાવલી મુકામે આણંદ મત વિસ્તારના ધારાસભ્ય શ્રી રોહિતભાઈ પટેલ (મિલ્સેંટ ગ્રુપ) ના હસ્તે ઉકાળા કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા, માનદ્મંત્રીશ્રી આર્કિ. અશોકભાઈ પટેલ, અંતરંગ સદસ્યશ્રી કેતનભાઈ પટેલ, શ્રી વિશ્વદત્ત કે. વાઘેલા વગેરેએ હાજર રહી ઉકાળાનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે નાવલી ગામના સરપંચ શ્રીમતી રૂપલબેન સંતોષભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, સુભાષ પટેલ, શ્રી સંતોષભાઈ પટેલ વગેરેએ હાજર રહીને કેમ્પને સફળ બનાવ્યો હતો. સ્વાઈન ફ્લુના ઉકાળાનો લાભ પ્રાથમિક કુમારઅને કન્યા શાળા, હાઈસ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનો, ગ્રામજનો તથા આજુબાજુના વિસ્તારના રહીશોએ મોટી સંખ્યામાં આ કેમ્પનો લાભ લીધો હતો. આશરે ૨૦૦૦ જેટલા વ્યક્તિઓએ ઉકાળો પીધો હતો.

# श्रीमती दूर्गा शर्मा आर्य वीरांगना दल, राजस्थान की संचालिका (अध्यक्ष) नियुक्त



आर्य वीरांगना दल की नई कार्यकारणी का शपथग्रहण समारोह रविवार को राजापार्क के आर्य प्रतिनिधि सभा भवन में हुआ। आर्य वीरांगना दल, राजस्थान की नवनियुक्त प्रदेशाध्यक्ष श्रीमती दुर्गा शर्माने कहा कि प्रदेश के सभी जिलों में महिलाओं को शारीरिक रुप में सक्षम बनाने व पर्सनैलिटी डवलपमेंट के लिए विशेष अभियान चलाया जाएगा। इसके लिए आवासीय शिविर लगाए जाएंगे। इन शिविरों में संस्कार से लेकर लाठी, तलवार चलाने और कराटे का प्रशिक्षण दिया जाएगा। इस भव्य समारोह की शुरुआत यज्ञ से कि गइ थी। स्वामी धर्मानन्द महाराज ने शपथ ग्रहण करवाई। दल के कार्यकारी संचालक आचार्य देवेन्द्र शास्त्री ने नियुक्ति पत्र व चिह्न भेंट किया। कार्यक्रम का सफल संचालन अनिल आर्य ने किया। दीपक शार्त्री, जवाहर वधवा, श्रति वीर आर्य और रविना ने भजन पेश किए। मुख्य अतिथि आर्य प्रतिनिधि सभा के मंत्री डॉ. सुधीर शर्मा थे।


# ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

## ૦૫ એપ્રિલ થી ૧૨ એપ્રિલ, ૨૦૧૫

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

● શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મિક મહાનુભાવોએ ૨૫મી માર્ચ પહેલા આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે. ● આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે. ● આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે. ● આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ શુલ્કની રકમ રૂા. ૧૦૦૦/- કે જે માત્ર બેન્ક એકાઉન્ટમાં જ જમા કરાવવાના રહેશે.. આર્થિક કારણોસર શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને શુલ્કમાં છૂટ આપવામાં આવશે. ● શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.

નામ : ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર ૨૦૧૫
નંબર : ૦૧૭૯૦૧૦૦૦૧૮૦૫૨
શાખા : બેન્ક ઓફ બરોડા, ધનસુરા (જી. અરવલ્લી)
IFSC No : BARB0DHANSU

**શિબિર સ્થળ**




**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭

ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭ ૨૯૧૫૫૫,

E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org



# કિશોર ચરિત્ર - નિર્માણ શિબિર

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ તથા દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડ દ્વારા વાનપ્રસ્થ સાધક આશ્રમના સહયોગથી કિશોર ચરિત્ર-નિર્માણ શિબિરનું આયોજન તા. ૧૭ મે થી ૨૫ મે, ૨૦૧૫ સુધી કરવામાં આવેલ છે. જેમાં ૧૩ થી ૨૦ વર્ષની ઉંમર સુધીના કિશોરો ભાગ લઈ શકશે. શિબિરમાં ભારતીય વ્યાયામ, આસન, લાઠી, રાઈફલ શુટીંગ, કરાટે ઉપરાંત બીજી શારીરિક રમતો, હવન, સંધ્યા, પ્રાણાયામ, નૈતિક શિક્ષણ, સભ્યતા, મહાપુરુષોના જીવન ચરિત્ર તથા વ્યવહારિક જ્ઞાન વિગેરેનું શિક્ષણ આપવામાં આવશે.

**નિયમો** : (૧) હિન્દી ભાષા લખી, વાંચી, બોલી શકવી જરૂરી છે. (૨) શિબિર શુલ્ક રૂા. ૧૦૦૦/- રાખવામાં આવેલ છે. તા. ૧ મે ૨૦૧૫ સુધીમાં આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના નામે મનીઓર્ડર/બેંક ડ્રાફ્ટ કરી પ્રવેશ નિશ્ચિત કરવો જરૂરી છે. (૩) શિબિરાર્થીઓએ શિબિરના નિયમોમાં રહેવાનું અને શિબિરાધ્યક્ષની આજ્ઞાનું પાલન કરવાનું રહેશે. (૪) શિબિરાર્થીઓએ પોતાની સાથે ટેપરેકોર્ડર, કિંમતી ચીજ વસ્તુ, નાસ્તો વગેરે ખાદ્ય સામગ્રી તથા વધુ પડતા પૈસા લાવવા નહીં. (૫) શિબિરાર્થી કોઈ સ્થાયી-ગંભીર બિમારી ન ધરાવતો હોવો જોઈએ.

## શિબિરાર્થીઓએ સાથે લાવવાનો સામાન

બે ચડ્ડી (બને તો ખાખી કપડાની), ૨ ઝભ્ભા, ૨ લેંઘા, હાથ રૂમાલ, ટોર્ચ, નોટબુક, પેન, ઓઢવા માટે ચાદર, ટુવાલ, બ્રશ, દંતમંજન, સાબુ (નાહવા, ધોવા માટે) સફેદ બૂટ, તેલ, કાંસકો, સોયદોરા વિગેરે.

**સૂચના** : (૧) શિબિરાર્થી મર્યાદિત સંખ્યામાં લેવાના હોઈ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. (૨) શિબિરાર્થીએ ફોર્મમાં નામ, ઉંમર, સરનામું, સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે. (૩) શિબિરાર્થીઓએ તા. ૧૬ મે, ૨૦૧૫નાં રોજ સાંજે ૪ વાગ્યા સુધીમાં આર્યવન ખાતે આવી જવાનું છે. (૪) નિયમોનું ઉલ્લંઘન કરનાર શિબિરાર્થીને પરત મોકલી દેવામાં આવશે. જેનું ભરેલ શુલ્ક પરત મળશે નહિં.

**: નિમંત્રક :**

| મનસુખ વેલાણી | જશુભાઈ પોકાર | બ્ર. અરૂણકુમાર |
|---|---|---|
| પ્રમુખ | શિબિર સંયોજક | શિબિર સંચાલક |

**આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ**

મુ. રોજડ, પો. સાગપુર, જિ. અરવલ્લી-૩૮૩૩૦૭.

ફોન નં. : (૦૨૭૭૪) ૨૮૭૬૧૮,

# સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુરના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા વેદ કથાઓની ધૂમ

**ભવાનીપુર**

સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુર, કચ્છના આચાર્ય સ્વામી શાંતાનંદજી સરસ્વતી દ્વારા હાલમાં વેદ કથાઓના માધ્યમથી યજ્ઞ, યોગ, તથા વેદજ્ઞાનનો ધામ-ધૂમથી પ્રચાર કરાઈ રહ્યો છે. આ કથાઓમાં મોટાભાગે પૌરાણિક લોકોની ભારે ભીડ ઉપસ્થિત રહે છે. આ પૌરાણિક લોકોને સ્વામી શાંતાનંદજી દ્વારા વૈદિક સિદ્ધાંતો, વૈદિક જ્ઞાન-વિજ્ઞાન તથા વૈદિક ધર્મની મહત્વપૂર્ણ શિક્ષાઓ સરલ અને સરસ દ્રષ્ટાંતો તથા સુમધુર ભજનોના માધ્યમથી હૃદયાગમન કરાવવામાં આવી રહ્યું છે.

અત્યાર સુધીમાં કચ્છના ભુજ, માધાપર, નખત્રાણા, ગાંધીધામ સહિત સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ સ્વામીજીની કથાઓ થઈ ચૂકી છે. આ કથાઓમાં અત્યાર સુધી ૧૦૦થી પણ વધુ લોકોને યાજ્ઞિક પરિવાર બનાવવામાં આવ્યા છે. તેમણે દૈનિક અથવા સાપ્તાહિક યજ્ઞ કરવાનો સંકલ્પ લીધેલો છે. આ ઉપરાંત ઉપસ્થિત શ્રોતાઓને સ્વાધ્યાય માટે વેદ, વૈદિક ગ્રંથ તથા રોજડ અને ગુરુકુલ ભવાનીપુર દ્વારા પ્રકાશિત સાહિત્યના સ્ટોલ પણ લગાવવામાં આવે છે. સત્યાર્થપ્રકાશનો વિશેષ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આમ સાહિત્યના વેચાણ દ્વારા પણ સામાન્ય માણસને વૈદિક ધર્મની સાથે જોડવામાં આવી રહ્યો છે.

પ્રથમ વેદકથા ભુજના પ્રમુખસ્વામી નગર ખાતે શ્રી શશીકાંતભાઈ પટેલના મુખ્ય નેતૃત્વમાં યોજવામાં આવી હતી. આ ત્રીદિવસીય વેદ કથામાં સ્વામી શાંતાનંદજીએ વેદાનુસાર સૃષ્ટિની ઉત્પત્તિથી લઈને પ્રલય સુધીની જાણકારી, વેદાનુસાર જીવનમાં સુખ, શાન્તિના ઉપાયો, ઈશ્વર એક છે તો એના નામ અનેક કેમ ? વેદમાં નારી અને ગૌ માતાનું મહત્વ, વેદ અનુસાર રાષ્ટ્રીય સુખના ઉપાય, ગૃહસ્થ જીવનમાં રહીને મોક્ષની પ્રાપ્તિ તરફ કેવી રીતે આગળ વધવું ? સાચું યોગ ધ્યાન શું છે ? ધ્યાનની સરળ વિધિ શું છે ? આની સાથે સાથે વર્તમાન સમસ્યાઓનું શું સમાધાન વેદમાં બતાવ્યું છે તથા વૈદિક યજ્ઞની ઉપયોગીતા શું છે ? વગેરે વિષયો પર સારગર્ભિત પ્રવચન આપ્યું હતું.

આ કથાની વિશેષતા એ રહી કે એમાં પ્રવચનના વિષય અનુસાર મધુર સંગીતના માધ્યમથી ભજનોની પ્રસ્તુતિ છત્તીસગઢ થી પધારેલા શ્રી વલ્લભ પ્રસાદજી તથા તબલા વાદક શ્રી અક્ષયભાઈ તથા શ્રી વિપુલ ગોરજીએ પ્રભાવશાળી રીતથી કરી હતી.



બીજી કથા માધાપર (ભુજ) ખાતે શ્રીમતી હંસાબેન ભટ્ટના મુખ્ય યજમાનત્વમાં ચાર દિવસ સુધી ઉપરોક્ત વિષયોના આધાર પર સંપન્ન થઈ. આ કથામાં નવા નવા ભજનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ જ ક્રમમાં સ્વામીજીએ ગૌરક્ષા અને યજ્ઞના મહત્વ ઉપર વધુ પડતો ભાર મુક્યો હતો. અને તેના પરિણામ સ્વરૂપ ગુરુકુલ ભવાનીપુરની ગૌશાળાને માસિક ૧૦૦ રૂપિયાનું દાન આપવા માટે ૧૦૦ જેટલી વ્યક્તિઓએ સંકલ્પ લીધો હતો. આ ઉપરાંત ૫૦ જેટલા યાજ્ઞિક પરિવારો પણ આ કથા દરમ્યાન તૈયાર કરાયા હતા. ગાયત્રી પરિવારના સદસ્યો દ્વારા યજમાનનો યજ્ઞ સામગ્રી, સમિધા વગેરે પુરી પાડવાની જવાબદારી ઉપાડી લેવામાં આવી હતી. આમ આ વેદ કથામાં ૧૦૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ વૈદિક જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ત્રીજી કથા ગાંધીધામ ખાતે શ્રીમતી લીલાબહેન ના મુખ્ય યજમાનત્વમાં આયોજીત કરવામાં આવી હતી. આ વેદકથામાં ભારતનગર તથા તેની આસપાસના ધર્મપ્રેમી સજ્જનોએ લાભ લીધો હતો. આર્યસમાજ ગાંધીધામના પ્રધાન શ્રી પરષોત્તમભાઈ તથા ગુરુદત્ત શર્મા, શ્રી જગદીશભાઈ, શ્રી નરસિંહભાઈ સોરઠીયા વગેરે મહાનુભાવોએ આ વેદકથાના આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આજ પ્રકારે રાજકોટમાં આર્યસમાજ માયાણીનગરમાં શ્રી પોપટભાઈ આર્યની જન્મ શતાબ્દિના ઉપલક્ષમાં એક દિવસીય વેદકથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાજકોટમાં જ સતત બીજી વાર ચતુર્વેદ શતકમ મહાયજ્ઞની સાથે સાથે ભજન સંધ્યા સહિત વેદકથાનું આયોજન રંગનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં શ્રિમતી નિર્મલાબેન જીતેન્દ્રભાઈ જોષીના મુખ્ય યજમાનત્વમાં ધામધૂમથી સંપન્ન કરાઈ હતી.

આ વેદ કથામાં જીતુભાઈ જોષીના સમસ્ત પરિવારનું સંમેલન થયું તથા રંગઉપવન સોસાયટીના ધર્મપ્રેમી સજ્જનોના અપાર ઉત્સાહ અને સહયોગથી આ કાર્યક્રમ અત્યંત પ્રેરણાદાયી રહ્યો હતો. અનેક સજ્જનોએ દૈનિક અથવા સાપ્તાહિક યજ્ઞ કરવાનો સંકલ્પ લીધો તથા વ્યસનરહિત જીવન જીવવાની પ્રતિજ્ઞા પણ લીધી.

રાજકોટની આ વેદ કથા પહેલાં કેસરાણી રામજીભાઈ પ્રેમજીભાઈ પરિવારના મુખ્ય યજમાનત્વમાં પણ બધી જ કથાઓમાં સૌથી સફળ એવી વેદ કથાનું આયોજન આર્યસમાજ નખત્રાણા તથ કેસરાણી પરિવારની પુરી ટીમના અથાગ પ્રયત્નથી કરવામાં આવ્યું હતું. આ વેદ કથા દરમ્યાન પણ લગભગ ૫૦ જેટલા યાજ્ઞિક પરિવારો બન્યા હતા.

આ વેદકથાઓના આયોજનમાં મુખ્ય સહયોગ વિશ્વ હિંદુ પરિષદ કચ્છ વિભાગ, પરિષદના પ્રમુખ કાર્યકર્તાઓ તથા શ્રી શશીકાંતભાઈ પટેલ (ભૂજ) કે જેઓ વી.એચ.પી. કચ્છના પ્રમુખ છે તેમનો સહયોગ મુખ્ય હતો. સાથે સાથે આર્યસમાજ, ભુજ, ગાંધીધામ, નખત્રાણાના મુખ્ય પદાધિકારીઓનો પણ સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ ઉપરાંત સ્થાનિક મહિલા મંડળ, માતાઓ બહેનો, તથા હિન્દુ સમાજના વિભિન્ન અગ્રણી મહાનુભાવોનો પણ મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. માધાપરના ગાયત્રી પરિવાર, ભુજના ગાયત્રી મહિલા મંડળ, નખત્રાણા વેદ મંદિર પરિવાર, કેસરાણી પરિવાર તથા રાજકોટના આર્યસમાજ, વૈદિક મહાસભા તથા શ્રી જીતુભાઈ જોષીના સમગ્ર પરિવાર પોતાના સામર્થ્ય અનુસાર આ વેદ કથાઓમાં ઉત્સાહપૂર્વક પોતાનો અમૂલ્ય સમય ઉપરાંત તન-મન-ધનથી વેદજ્ઞાનને જન-જન સુધી પહોંચાડવા સદાય તત્પર રહે છે. અત્યાર સુધી સંપન્ન થયેલી વેદ કથાઓના માધ્યમથી હજારો લોકોએ વેદજ્ઞાનનું રસપાન કર્યું છે. તથા યોગ, યજ્ઞ અને ઈશ્વરના સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે.

## બલરામભવન, ગાંધીનગર ખાતે નારી શક્તિ પ્રોત્સાહન અંતર્ગત નિઃશુલ્ક વર્કશોપ યોજાયો



નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ તથા ભારત સ્વાભીમાન ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા મહિલાઓ માટે વિશેષજ્ઞશ્રીઓના નિર્દેશન હેઠળ આયુર્વેદ અને હોમિયોપેથીમાં સરકારી મદદ, નેચરોપથી, હોમ સાયન્સ યોગ વગેરે વિષયો ઉપર એક નિઃશુલ્ક વર્કશોપનું આયોજન ગત તા. ૨૧મી માર્ચના રોજ ગાંધીનગર સ્થિત બલરામભવન સે. ૧૨ ખાતે કરાયું હતું.

આ વર્કશોપમાં મહિલા સ્વાસ્થ્ય, સગર્ભાવસ્થા, શિશુ સંસ્કાર, રાષ્ટ્ર નિર્માણ, વિવિધ રોગ અને આહાર તથા દેશભક્તિ, ઈશ્વર ભક્તિ વગેરે વિષયો પણ વાર્તાલાપ તથા પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી.

વિષય નિષ્ણાંત તરીકે ચિલ્ડ્રન યુનિ.ના આચાર્યા, લેખિકા સુશ્રી જ્યોતિબેન થાનકી, જીલ્લા આયુર્વેદ અધિકારી સુશ્રી ડૉ. ભાવનાબેન પટેલ, વિદ્યાપીઠના હોમ સાયન્સના પ્રો. સુશ્રી અરૂણાબેન ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.


# અથર્વવેદ ભાષ્ય (દ્વિતીય ખંડ) ના પ્રકાશન ની યોજના

**માર્ચ માસના અંતમાં અથવા એપ્રિલ માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.**

**દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે**

**ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ, ઋગ્વેદ ભાષ્ય ભાગ ૧,૨,૩ અને અથર્વવેદ ભાષ્ય ભાગ ૧ નું પ્રકાશન સંપન્ન થયેલ છે અને અથર્વવેદ ભાષ્ય (દ્વિતીય ખંડ) નું પ્રકાશન આરંભાઈ ચૂક્યું છે. એક પ્રતિની કીમત ૫૦ % છૂટ ની સાથે ૪૦૦ રૂ. રાખેલ છે.**

### નીતિનિર્ધારણ કરતા મહાનુભાવોમાં વિતરણ

આ યોજનાના પ્રથમચરણમાં યજુર્વેદ ભાષ્યનું ભવ્ય પ્રકાશન કરી ૯૪૪ પાનાના આ બૃહદ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૯-૧૨-૦૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સામવેદ ભાષ્ય (પાના-૬૨૪), ઋગ્વેદ ભાષ્ય ૪(પાના-૭૭૬), ઋગ્વેદ ભાષ્ય ૨ (પાના-૮૦૮), ઋગ્વેદ ભાષ્ય ૩ (પાના-૧૦૪૦) અને અથર્વવેદ ભાષ્ય ૧ (પાના-૯૪૪) વગેરે ગ્રંથ પ્રકાશિત કરાયા. પ્રકાશિત ગ્રંથ વિભિન્ન ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, મઠો અને ધર્મક્ષેત્રના અગ્રણીઓ, વિદ્વાનો, પુરોહિતો તથા આચાર્યો, પ્રાધ્યાપકો, વિશ્વ-વિદ્યાલયો, સાર્વજનિક પુસ્તકાલયો, સંસ્કૃત તથા વેદ પાઠશાળાઓ, અનુસંધાન ભવનોની સાથોસાથ લોકસભાના સભ્યો, ધારાસભ્યો, મંત્રીગણ, વિવિધ પત્ર-પત્રિકાઓના સંપાદકો, ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, સામાજિક સંગઠનોના પદાધિકારીઓ વગેરેને ભેટ સ્વરૂપે પ્રદાન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ અમે મનુસ્મૃતિ, સત્યાર્થ પ્રકાશ આદિ ઋષિકૃત ગ્રંથોનું આ પ્રકારે વિતરણ અને પ્રચાર-પ્રસાર કરેલ છે. વર્તમાનમાં જે બૃહદ યોજનાને મૂર્તિમંત બનાવવા જઈ રહ્યાં છીએ તેમાં આપનો સહકાર આવશ્યક છે.

અથર્વવેદ ભાષ્ય (દ્વિતીય ખંડ)

**ભાવાનુવાદક**

**શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ**

(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- અથર્વવેદ ભાષ્ય (દ્વિતીય ખંડ) ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (ક્રાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેક઼્િન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે. પ્રચારાર્થે પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

### આપ આ યોજનામાં જોડાઈ શકો છો...

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ રણસિંહ આર્ય ના નામે મોકલવા વિનંતી છે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

### અગ્રિમ ગ્રાહક બનવા માટે નિમ્ન વ્યક્તિઓનો સમ્પર્ક કરો.

- અમદાવાદ : વૈદિક સંસ્થાન, ઓઢવ (૦૭૯-૨૨૯૭૨૩૪૦)
- બરોડા : રતનશીભાઈ વેલાણી (૯૯૭૯૮ ૭૪૦૦૧)
- રાજકોટ : શ્રી સુરેશ ચાવડા (૯૯૨૫૯ ૧૩૧૨૯)
- કચ્છ : શ્રી ચન્દ્રેશ આર્ય (૯૪૨૭૪ ૫૮૪૯૪)
- મુમ્બઈ : આર્યસમાજ ઘાટકોપર (૦૨૨-૨૫૧૪ ૮૨૨૦)
- સૂરત : શ્રી ધર્મેશ આર્ય (૭૭૩૮૦ ૭૦૪૦૧)
- ટંકારા : શ્રી હસમુખભાઈ પરમાર (૯૮૭૯૩ ૩૩૩૪૮)
- જૂનાગઢ : ડૉ. સદ્ગુણા આર્યા (૯૯૨૫૨ ૨૪૨૮૬)

**સૂચના**

- અથર્વવેદ ભાષ્ય (દ્વિતીય ખંડ) ના વિતરણ માટે કેટલી પ્રતોની જરૂર છે તે સત્વરે મુખ્ય વિતરકશ્રીને લખી મોકલવા વિનંતી છે.
- ઓછામાં ઓછી ૨૦ પ્રતોના અગ્રિમ ગ્રાહક થનાર સંસ્થા/વ્યક્તિનાં નામ, સરનામાં ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવશે.

### ★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.

ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦

Web : www.vaanaprastharojad.org • E-mail : vaanaprastharojad@gmail.com


માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : હરીશ રાણાએ શ્રી રામપ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, પ્લોટ નં. ૩૨૭, અજંતા કોમ્પ્લેક્ષ, દેના બેંકની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં.૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER,OWNER,PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT SHREE RAM PRINTERS & STATIONERS, Plot No. 327, Ajanta Complex, B/h Dena Bank, Sector No. 16, Gandhinagar. PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.